PGVCL                પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ                PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૯/કવા–૦૪/૧૬–૧૭/ ૪૭૬૯ તા. ૦૬/૦૬/૧૭

**રજી. એ.ડી. પત્ર**

પ્રતિ,
વિજાનંદ રવાભાઈ મયડ,
મકાન નં.–૮– અ,,
પ્રમુખરાજ સોસાયટી,
રણુજા મંદીર ની આગળ,
કોઠારીયા ગામની દરગાહ ની નજીક
ગામ:કોઠારીયા,
રાજકોટ
મો: ૮૫૧૧૧ ૧૧૨૯૮

**વિષય :–અન્ય નુ કનેકશન જે તે જમીન મા ઉભુ કરવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૯/કવા–૦૪/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૩.)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, નિકાવા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 / N

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૬૯/કવા–૦૪/૧૬–૧૭ | કમિટી મીટીંગ: તા. ૩૧–૦૫–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: વિજાનંદ રવાભાઈ મયડ, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી વિજાનંદ રવાભાઈ મયડ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, નિકાવા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)**

**રજુઆત કરનાર :એન.પી.શાહ (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)**

## : હુકમ :

**ફરીયાદ : અન્ય નુ કનેકશન જે તે જમીન મા ઉભુ કરવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના પડોશી શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયાના મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ નુ ટ્રાન્સફોર્મર, જે અન્ય સ્થળ પર અથવા તો, મુળ ગ્રાહક ની જમીન પર ઉભુ કરવાની પુરી શકયતાઓ હોવાછતા, પીજીવીસીએલ તરફથી, તે મુજબ ની જગ્યા પર ઉભુ ન કરીને, તેઓ શ્રી ની અંગત માલીકીની, ગામ: મોટીનાગાઝર ખાતે ની, ખેતીવાડી સર્વે નંબર : ૪૦૧ ની ખેતીવાડીની જમીન પર ઉભુ કરેલ છે. જેથી, તેઓ શ્રી ને સદર ટ્રાન્સફોર્મર તેમજ વીજલાઈન ના થાંભલાઓ, જે સદર જમીન ને નડતરરૂપ હોય, તેમજ સદર જમીન પર સીચાઈ તેમજ અન્ય બાબત મા પણ નડતરરૂપ હોય, સદર ટ્રાન્સફોર્મર ખસેડવા બાબતે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર અરજદાર વિજાનંદ રવાભાઈ મયડ ની, ઉપરોક્ત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, પીજીવીસીએલ મા ઉપલબ્ધ રહેલ રેકર્ડ તેમજ ફરીયાદ મા દર્શાવ્યા મુજબ ની સ્થળ ની રૂબરૂ મુલાકાત અને ખરાઈ / ચકાસણી કરતા જણાયેલ છે કે, અગાઉ ફરીયાદી અરજદાર શ્રી ના પડોશી શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા ને, તેમની અંગત માલીકી ના ખેતીવાડી સર્વે નંબર : ૧૨૫ પૈકી ૪ ( નવો સર્વે નંબર : ૨૮૩) મા, શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા ની, જે જેતે સમયે કરાયેલ સર્વેક્ષણ મુજબ – સદર નવુ ખેતીવાડી વીજજોડાણ, જે શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા ને, નજીક ની ઓવરહેડ લાઈન – એટલેકે લાખાભાઈ વસ્તાભાઈ વાળા હૈયાત ટીસી પર ની ટેપલાઈન માથી સર્વે કરાયેલ હતુ. અને આ લાખાભાઈ વસ્તાભાઈ વાળા ના હૈયાત ટીસી માથી, ઉપર મીટર ૧૧ કેવી વીજલાઈન ખેચી / ઉભી કરી અને જોડાણ આપવાનો નકશો / સર્વેક્ષણ થયેલ હતુ. અને તે મુજબ ની તાંત્રીક મંજુરી પણ મળેલ હતી. પરંતુ, ખરેખર – સ્થળ ઉપર હાજર રહી અને કરાયેલ સર્વેક્ષણ મુજબ, '' આ વીજલાઈન – જે ખરેખર ઉપર મીટર ની – મુળ મંજુરી અન્વયે ના નકશા મુજબ – ઉભી થયેલ ન હતી. પરંતુ, અન્ય પોઈન્ટ, એટલેકે શ્રી છગનભાઈ શામતભાઈ ના હૈયાત ટ્રાન્સફોર્મર માથી – ટેપલાઈન કરી અને ૫૦૦ મીટર ની લંબાઈવાળી ૧૧ કેવી વીજલાઈન ઉભી કરાયેલ હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. '' આમ, શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા ને, તેમની અંગત માલીકી ના ખેતીવાડી સર્વે નંબર : ૧૨૫ પૈકી ૪ ( નવો સર્વે નંબર : ૨૮૩) ની જમીન મા અપાયેલ એવા હાલ ના, નિકાવા પેટા વિભાગીય કચેરી ના રેકર્ડ મુજબ ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૬૧૦૫૩/૦૧૬૧૯/૦ – ( જે ઈસ્ટ પેટા વિભાગીય કચેરી કાલાવડ ના રેકર્ડ મુજબ ના જોડાણ ન. : ૩૨૬૫૩/૦૧૬૧૯/૨) મુજબ નુ જોડાણ – જે આ મુજબ ની ગેરકાયદેસર ની વિગતે ની ઉભી કરાયેલ વીજલાઈન મુજબ નુ હોવાનુ સ્પષ્ટ જણાયેલ છે. જે તે સમયે, જોડાણ મંજુર કરાયા સમયે ની વીજલાઈન ઉભા કરતા સમયે, શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા એ, ખોટુ સ્થળ બતાવી અને વીજલાઈન ઉભી કરાયેલ હોવાની બાબત |

| | |
|---|---|
| | સ્પષ્ટ થયેલ છે. આમ, સદર '' મુળ મંજુરી ના નકશા થી વિપરીત એવી ઉભી કરાયેલ ૫૦૦ મીટર ની વીજલાઈન નુ ટ્રાન્સફોર્મર પણ, ફરીયાદી અરજદાર શ્રી વિજાનંદ રવાભાઈ મયડ ની માલીકી ની સર્વે નંબર : ૪૦૧ ની જમીન પર ઉભુ થયેલ હોવાની બાબત પણ સ્પષ્ટ થયેલ છે. આ મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદી મા તથ્ય અને સચ્ચાઈ જણાયેલ છે. જેથી, સદર વીજલાઈન નુ ટ્રાન્સફોર્મર ફરીયાદી અરજદાર શ્રી ના સર્વે નંબર : ૪૦૧ માથી ખસેડી અને અરજદાર ની ફરીયાદી નુ નિરાકરણ કરવાની બાબત પણ, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી, ગેરકાયદેસર ધોરણે ઉભા કરાયેલ એવા સદર ટ્રાન્સફોર્મર તેમજ, નડતરરૂપ એવા વીજથાંભલાઓ વગેરે ફરીયાદી અરજદાર શ્રી ની જમીન સર્વે નંબર : ૪૦૧ માથી ત્વરીતે ખસેડવા ની કાર્યવાહી, પીજીવીસીએલ તરફથી ત્વરીતે હાથ ધરવા બાબતે નુ મંતવ્ય પણ ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |
| **૨.૨** | વિશેષ મા, શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા ને, તેમની માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૧૨૫ પૈકી ૪ ની જમીન મા, એક ખેતીવાડી વીજજોડાણ, જે નિકાવા પેટા વિભાગીય કચેરી ના રેકર્ડ મુજબનુ ખેતીવાડી વીજજોડાણ નં. ૬૧૦૫૩/૦૧૦૦૮/૭ અગાઉ અપાય ચુકેલ હોય, અને સ્થળ પર ચાલુ હોવાની બાબત પણ, રેકર્ડ આધારીત અને સ્થળ ચકાસણી દરમ્યાન સ્પષ્ટ થયેલ છે. |
| **૨.૩** | આમ, શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા ને અગાઉ તેમની માલીકી ના સર્વે નંબર : ૧૨૫ પૈકી ૪ મા, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે નુ, ખેતીવાડી વીજજોડાણ નં. ૬૧૦૫૩/૦૧૦૦૮/૭ અપાય ચુકેલ હોય, તેમ છતા, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે વાળુ, ત્યારપછી નુ તાજેતર મા જ અપાયેલ એવુ સવાલવાળુ બીજુ જોડાણ નંબર હાલ ના, નિકાવા પેટા વિભાગીય કચેરી ના રેકર્ડ મુજબ ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૬૧૦૫૩/૦૧૬૧૯/૦ – ( જે ઈસ્ટ પેટા વિભાગીય કચેરી કાલાવડ ના રેકર્ડ મુજબ ના જોડાણ ન. : ૩૨૬૫૩/૦૧૬૧૯/૨) મુજબ નુ જોડાણ – જે આ મુજબ ની ગેરકાયદેસર ની વિગતે ની ઉભી કરાયેલ એવી સવાલવાળી વીજલાઈન વાળુ જોડાણ, જે '' એક જ સર્વે નંબર મા બીજુ જોડાણ આપવાની જોગવાઈ ન હોય, જેથી સદર – હાલ ના તબ્બકે નુ જોડાણ – રદબાતલ '' થવાને નિયમાધીન યોગ્ય હોવાની બાબત પણ સ્પષ્ટ થયેલ છે. જેથી સદર જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ થવા સબબ નુ મંતવ્ય પણ ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |
| **૨.૪** | સદર કેઈસ મા, જે તે સમયે, સબંધક કચેરી ના સબંધક એવા, સદર નવા ખેતીવાડી વીજજોડાણ નો કેઈસ સંભાળનાર એવા જવાબદાર અધિકારી ની ગંભીર ભુલ સ્પષ્ટ જણાયેલ છે. જેથી, આ કેઈસ ની તમામ ભુલો અને બાબતો સક્ષમ કચેરી સમક્ષ રજુ કરી અને, જવાબદારો સામે, પીજીવીસીએલ ના સેવાકીય નિયમો મુજબ શિસ્તંભંગના પગલા ભરવા બાબતે નુ મંતવ્ય પણ ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી રજુ કરાયેલ મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, સત્ય અને વ્યાજબીપણા હેઠળ ની હોવા બાબત ને પીજીવીસીએલ પક્ષકારે સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જે ફોરમ કમિટી એ નિયમાધીન રીતે યોગ્ય અને ન્યાયિક રીતે વ્યાજબી ઠેરવેલ છે. અને તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની સદર જમીન પર ઉભુ કરાયેલ એવુ, '' વીજ ટ્રાન્સફોર્મર તેમજ અન્ય વીજલાઈન ના થાંભલાઓ '' જે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૫ મા જ, ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ ખસેડી, અને ફરીયાદી અરજદાર શ્રી ના લેખીત સંમંતીપત્ર હેઠળ તેમની ફરીયાદી નુ નિરાકરણ કરી, દિન–૧૫ મા ફોરમ સમક્ષ અહેવાલ રજુ કરવા સબબ નો ; પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૨** | તદ ઉપરાંત, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ મુદદા નં.૨.૨ અને ૨.૩ મુજબ ની વિગતે, '' શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા નુ, તેમની માલીકીની ખેતીવાડી સર્વે નંબર : ૧૨૫ પૈકી ૪ મા '' એક ખેતીવાડી વીજજોડાણ હૈયાત હોવા છતા, સવાલવાળા બીજા ખેતીવાડી વીજજોડાણ આપવાની કાર્યવાહી સંપન્ન થયેલ છે. નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની જોગવાઈ મુજબ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટિક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, એક જ સર્વે નંબર મા એક જ ખેતીવાડી વીજજોડાણ આપી શકાય, બીજુ જોડાણ ન આપી શકાય. જેથી, હાલ ના તબ્બકા નુ સવાલવાળુ ગેરકાયદેસર રીતે ઉભી કરાયેલ વીજલાઈન વાળુ, બીજુ ખેતીવાડી વીજજોડાણ કાયદેસર રીતે રદબાતલ થવાને પાત્ર છે. સદર બાબતે, આ મુજબ નો ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૩** | પરંતુ, શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા, તેમનુ તાજેતર નુ, સવાલવાળુ, ગેરકાયદેસર રીતે ઉભી કરાયેલ એવી વીજલાઈન વાળુ, ચાલુ કરાયેલ એવુ વીજજોડાણ , જે પીજીવીસીએલ ની રદબાતલ કરવાની નિયમાધીન પ્રક્રીયા હેઠળ, રદબાતલ ન કરવા માંગતા હોય તો, શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા એ, સદર હાલ ના તબ્બકા નુ ખેતીવાડી વીજજોડાણ ની હાલ ના તબ્બકે, ઉભી કરાયેલ ગેરકાયદેસર ધોરણ ની તમામ વીજલાઈન અને ટ્રાન્સફોર્મર દુર કરવા સબબ નો તમામ, માલસામાન તેમજ મજુરી નો ૧૦૦% ખર્ચ, પીજીવીસીએલ મા ભરપાઈ કરી, અને ત્યારબાદ સવાલવાળા વિવાદ વાળા આ જોડાણ ને, શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા એ, ગામ: મોટીનાગાઝર ના જ, તેમની અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો ના નામે આવેલ એવી અન્ય ખેતીવાડી ની જમીન પર સીચાઈ કરવાના હેતુ માટે, શીફટીગ મેળવવા માટે ની વિધીસર ની અરજી, જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે પીજીવીસીએલ મા નોંધાવવાની રહેશે. જેથી, પીજીવીસીએલ તરફથી, શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા ની સદર શીફટીગ ની અરજી ના અનુસંધાને, સદર જોડાણ ની શીફટીગ બાબતે ની ૧૦૦% રકમ ની વસુલાત કર્યા બાદ જ, સદર જોડાણ શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા ની માંગણી મુજબ ના અન્ય ખેતીવાડી સ્થળ પર શીફટીગ આપવાની નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી, પીજીવીસીએલ દ્વારા હાથ ધરવા બાબતે નો, પીજીવીસીએલ ને આદેશ આપવા બાબતે નો સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૪** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે, સદર ફરીયાદી કેઈસ મા, જે તે સમય ની, જે તે કચેરી ના, સદર કામગીરી સંભાળતા, એવા જવાબદાર અધિકારી ની અક્ષમ્ય બેદરકારી અને ભુલના કારણોસર જ, સદર ફરીયાદ ઉપસ્થિત થયેલ હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. પીજીવીસીએલ ની આવી દુર્લક્ષતાયુક્ત કામગીરીના કારણોસર, વિશાળ ગ્રાહક સમુદાય મા વીજકંપની ની શાખ ને નુંકશાન થતુ હોય છે. તે બાબત ની ફોરમ કમિટી દ્વારા ગંભીર નોંધ લેવામા આવેલ છે. અને તેના અનુસંધાને; સદર '' દુર્લક્ષતાયુક્ત કેઈસ '' સક્ષમ એવી વર્તુળ કચેરી સમક્ષ રજુ કરી, અને યોગ્ય તપાસ / ચકાસણી કરાયા બાદ ઠેરવાયેલ જવાબદારો સામે, પીજીવીસીએલ ના સેવાકીય નિયમો મુજબ શિસ્તભંગના પગલા ભરવા બાબતે ની નોંધ પણ, ફોરમ કમિટી તરફથી, સક્ષમ એવી વર્તુળ કચેરી ના સક્ષમ વડા સમક્ષ મુકવામા આવે છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની જમીન પર થી, ઉભુ કરાયેલ એવુ, '' વીજ ટ્રાન્સફોર્મર તેમજ અન્ય વીજલાઈન ના થાંભલાઓ '' જે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૫ મા જ, ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ ખસેડી, અને ફરીયાદી અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ તેમની ફરીયાદી નુ નિરાકરણ કરી, દિન–૧૫ મા ફોરમ સમક્ષ અહેવાલ રજુ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવાનો હુકમ થયેલ છે. |
| **૪.૨** | તેમજ, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે નુ, શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા નુ સવાલવાળુ, હાલ ના તબ્બકા નુ, તેમની જમીન સર્વે નંબર : ૧૨૫ પૈકી ૪ મા, ગેરકાયદેસર રીતે ઉભી કરાયેલ વીજલાઈન વાળુ નવુ જોડાણ, જે નિયમાધીન રીતે કાયમી ધોરણે રદબાતલ થવાને પાત્ર છે. તેમ છતા, જો શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા, સદર જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ ન થવા માંગતા હોય તો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી કરાયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે અને તે મુજબ ની શરતો હેઠળ સદર જોડાણ , અન્ય જમીન પર શીફટીગ મેળવી શકે છે. આ માટે નો, મુખ્ય વિગતો અને શરતો સ્વીકારતો, પ્રથમ ચરણ નો લેખીત વિનંતી પત્ર શ્રી રણછોડભાઈ કરમણભાઈ ડાંગરીયા એ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરી અને ત્યારબાદ, વિધીસર ની સદર જોડાણ શીફટીગ ની અરજી, પીજીવીસીએલ મા નોંધાવવાની રહેશે. |
| **૪.૩** | તેમજ, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે, સદર '' દુર્લક્ષતાયુક્ત કેઈસ '' સક્ષમ એવી વર્તુળ કચેરી સમક્ષ રજુ કરી, અને યોગ્ય તપાસ / ચકાસણી કરાયા બાદ ઠેરવાયેલ જવાબદારો સામે, પીજીવીસીએલ ના સેવાકીય નિયમો મુજબ શિસ્તભંગના પગલા ભરવા બાબતે ની ફોરમ કમિટી ની નોંધ સાથે યોગ્ય થવા, ફોરમ કમિટી તરફથી, સક્ષમ એવી વર્તુળ કચેરી ના સક્ષમ વડા ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટે)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ: જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી આ નિર્ણય સામે, નિર્ણયના જાણ પછીના ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રણ આયોગની કચેરી, પ્લોટ નં. ૩, પોલીટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકિય બાબત સંબંધક હોય તો, સદર રકમ ના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.